પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫ | ૧૬ એપ્રિલ, ૨૦૨૨, શનિવાર; ચૈત્ર સુદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બેંગલુરુમાં ભારે વરસાદથી તબાહી

## એકનું મોત : બેંગલુરુ દક્ષિણનાં નિચાણ વાળા વિસ્તાર કથરીગુપ્પે, બનશનકરી અને જેપી નગરમાં ઘણી જગ્યાએ પાણી ભરાયા



બેંગ્લુરુ,તા.૧૫

કર્ણાટકનાં ઘણાં વિસ્તારમાં ભારે વરસાદ થયો. રાજધાની બેંગ્લુરુમાં લોકોએ વરસાદને કારણે ભયંકર ગરમીથી રાહત મળી. પણ શહેરનાં ઘણાં વિસ્તારમાં પાણી ભરાઈ ગયા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વરસાદ દરમિયાન કરંટ લાગવાથી એકનું મોત થઈ ગયું છે. શહેરનાં ઘણાં ભાગમાં ઝાડ પડી ગયા છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન વરસાદની સંભાવના જતાવી છે. બેંગલુરુનાં નગર પાલિકા અને ફાયર બ્રિગેડનાં જવાનોએ ઈમરજન્સી અભિયાન શરૂ કરી દીધુ છે. મ્મ્ર્રૅ અનુસાર ભારે હવાને કારણે શહેરમાં ૧૨ ઝાડ નષ્ટ થઈ ગયા છે. ભારત હવામાન ખાતાએ ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. એવામાં BBMPએ તેમનાં સ્ટાફનેન એલર્ટ રહેવા સૂચના આપી છે. રસ્તા પર ટ્રાફિક જંક્શનો પર પાણી ભરાયાની સમસ્યાનો તુરંત જ નિકાલ કરવામાં આવે. BBMPનાં મુખ્યા ગૌરવ ગુપ્તાએ અધિકારીઓને કડક

● અનુસંધાન પાન-૭ પર



સંકટ કટે મીટે સબ પીરા, જો સુમિરે હનુમંત બલવીરા

# અરુણાચલ પ્રદેશમાં વહેલી સવારે ભૂકંપ

**ભૂકંપની તીવ્રતા ૫.૩ નોંધાઈ, તિરાડો પડી : અરૂણાચલમાં સવારે જેવી ધરતી ડગમગી કે લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળીને ભાગવા લાગ્યા**

ઈટાનગર,તા.૧૫

હાલ અરૂણાચલ પ્રદેશમાંથી એક સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અરૂણાચલ પ્રદેશમાં શુક્રવારે વહેલી સવારે ભૂકંપના કારણે અફડાતફડીનો માહોલ સર્જાયો છે. સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા લોકો ભયના માર્યા પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૩ માપવામાં આવી છે. જોકે, ભૂકંપના કારણે કોઈ મોટું નુકસાન થયું હોય તેવી કોઈ જાણકારી હજુ સુધી સામે આવી નથી. તમને જણાવી દઈએ કે આજે સવારે (શુક્રવાર) ૬.૫૬ વાગે ભૂકંપના આંચકા મહેસૂસ થયા છે. અરૂણાચલમાં સવારે જેવી ધરતી ડગમગી કે લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળીને ભાગવા લાગ્યા. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના મતે ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉત્તર પાંગિનમાં બતાવવામાં આવ્યું છે. જ્યારે ભૂકંપના આચકા મહેસૂસ થયા ત્યારે લોકો પોતાના ઘરોમાં ઉંઘી રહ્યા હતા ત્યારબાદ તેઓ ભાગીને દોડવા લાગ્યા. હાલ અરૂણાચલમાં અફડાતફડીનો માહોલ છે. લોકો પોતાના પરિવારજનો અને સંબંધીઓના હાલ જાણવા માટે તેમણે ફોન કરી રહ્યા છે. તાજેતરમાં લદાખમાં ભૂકંપના હળવા આંચકા મહેસૂસ કરવામાં આવ્યા હતા. લદાખમાં ભૂકંપના આંચકાની તીવ્રતા ૪.૬ મેગ્નીટ્યૂટ માપવામાં આવી હતી. જાણકારોના મતે ભૂકંપના આંચકા બુધવારે ૧૦.૨૪ મિનિટ પર મહેસૂસ કરવામાં આવ્યા હતા. આ આંચકા કારગિલથી ૩૨૮ કિલોમીટર ઉત્તરમાં મહેસૂસ થયા.

# દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવાની યોજના : મોદી

**મોદીએ ભૂજમાં હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું : આગામી ૧૦ વર્ષમાં ભારતમાં રેકોર્ડ સંખ્યામાં ડોક્ટરો હોવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાયો દાવો**

નવી દિલ્હી,તા.૧૫

પીએમે કહ્યું કે દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ સ્થાપવાની યોજના છે. તબીબી સેવાઓની બાબતમાં ભારત ઘણું પાછળ રહી ગયું છે



ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દાવો કર્યો હતો કે આગામી ૧૦ વર્ષમાં ભારતમાં રેકોર્ડ સંખ્યામાં ડોક્ટરો હશે. વડાપ્રધાને આજે ભુજ (કચ્છ) ખાતે નવી બંધાયેલી એક મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલનું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે આગામી સમયમાં દેશમાં ડોક્ટરોની કોઈ અછત નહીં રહે અને વિક્રમજનક સંખ્યામાં ડોક્ટરો હશે.

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ સ્થાપવાની યોજના બનાવી છે જેથી ડોક્ટરોની સંખ્યા વધારી શકાશે.

ભુજ ખાતે આજે ૨૦૦ બેડની કે કે પટેલ મલ્ટિ-સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલ લેઉવા પટેલ સમુદાય દ્વારા બાંધવામાં આવી છે.

વીડિયો કોન્ફરન્સિંગથી સંબોધન કરતા પીએમે કહ્યું કે, આપણે દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ સ્થાપવાની યોજના ધરાવીએ છીએ. આ ઉપરાંત મેડિકલ શિક્ષણ પણ દરેક વ્યક્તિની પહોંચમાં હોય તે માટે કામ કરીએ છીએ, જેથી આગામી ૧૦ વર્ષમાં દેશમાં વિક્રમ સંખ્યામાં ડોક્ટરો હશે.

મોદીએ જણાવ્યું કે, બે દાયકા અગાઉ ગુજરાતમાં માત્ર નવ મેડિકલ કોલેજો હતી. પરંતુ છેલ્લા ૨૦ વર્ષમાં મેડિકલ એજ્યુકેશનની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે.

હવે ગુજરાતમાં એક એઆઈઆઈએમએસ પણ છે અને બીજી ત્રણ ડઝન જેટલી મેડિકલ કોલેજો છે. અગાઉ ગુજરાતમાં માંડ ૧૦૦૦ વિદ્યાર્થીઓને મેડિકલમાં એડમિશન મળી શકતું હતું. અત્યારે લગભગ ૬૦૦૦ વિદ્યાર્થીઓને આ કોલેજમાં એડમિશન મળે છે. રાજકોટ સ્થિત એઈમ્સે પણ ૨૦૨૧થી ૫૦ વિદ્યાર્થીઓને લેવાનું શરૂ કર્યું છે, તેમ તેમણે કહ્યું હતું.

# જેઈઈ એડવાન્સ્ડની પરીક્ષા હવે ૨૮ ઓગસ્ટે યોજાશે

**જેઈઈ એડવાન્સડ ૨૦૨૨ માટેની આવેદન પ્રક્રિયા ૭થી ૧૧ ઓગષ્ટ, ૨૦૨૨ દરમિયાન આયોજિત કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧૫

જોઈન્ટ એન્ટ્રેસ એક્ઝામિનેશન (જેઈઈ) એડવાન્સ્ડ ૨૦૨૨ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) બોમ્બે હવે ૨૮ ઓગષ્ટના રોજ જેઈઈ એડવાન્સડ ૨૦૨૨ની પરીક્ષા આયોજિત કરશે. અગાઉ આ પરીક્ષા ૩ જુલાઈના રોજ આયોજિત થવાની હતી.

જેઈઈ એડવાન્સડ ૨૦૨૨ માટેની આવેદન પ્રક્રિયા ૭થી ૧૧ ઓગષ્ટ, ૨૦૨૨ દરમિયાન આયોજિત કરવામાં આવશે. એપ્લિકેશન ફીની ચુકવણી માટે ૧૨મી ઓગષ્ટ તારીખ નિર્ધારીત કરવામાં આવી છે. જે પણ ઉમેદવારો જેઈઈ એડવાન્સડ ૨૦૨૨માં સામેલ થવા ઈચ્છે છે તેઓ ૨૩થી ૨૮ ઓગષ્ટ ૨૦૨૨ દરમિયાન પોતાનું એડમિટ કાર્ડ જેઈઈ એડવાન્સડની સત્તાવાર વેબસાઈટ jeeadv.ac.inપર જઈને ડાઉનલોડ કરી શકે છે.

જેઈઈ એડવાન્સડ ૨૦૨૨ની પરીક્ષા સવાર અને બપોરની પાળીમાં આયોજિત થશે. સવારના ૯:૦૦થી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી પેપર-૧ અને બપોરના ૨:૩૦ વાગ્યાથી સાંજના ૫:૩૦ વાગ્યા સુધી પેપર-૨ આયોજિત થશે.

# પુતિન યુક્રેનમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છેઃ વિલિયમ બર્ન્સ

**યુક્રેન સામેના યુદ્ધની નિષ્ફળતા ગુસ્સામાં પરિણમી શકે : પુતિને ૨૪ ફેબ્રુ.ના રોજ હુમલા શરૂ થયા ત્યાર બાદ તરત જ રશિયન પરમાણુ બળોને હાઈ એલર્ટ પર રાખ્યા હોવાનો દાવો**

વોશિંગ્ટન,તા.૧૫

સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ)ના ડિરેક્ટર વિલિયમ બર્ન્સએ ગુરૂવારે કહ્યું હતું કે, રશિયાને યુક્રેન સામેના હુમલા દરમિયાન જે નિરાશા મળી તે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને ઓછા અંતરના અને ઓછા શક્તિશાળી પરમાણુ હથિયારનો સહારો લેવા માટે ઉશ્કેરી શકે છે.

એટલાન્ટા ખાતે એક ભાષણ દરમિયાન બર્ન્સે કહ્યું હતું કે, 'રાષ્ટ્રપતિ પુતિન અને રશિયન નેતૃત્વની હતાશા અને અત્યાર સુધી તેમણે સૈન્ય મામલે જે અસફળતાઓનો સામનો કરવો પડ્યો છે તેને ધ્યાનમાં રાખીને આપણામાંથી કોઈ ઓછા અંતરના અને ઓછા શક્તિશાળી પરમાણુ હથિયારોનો સહારો લેવાના સંભવિત જોખમને હળવાશથી ન લઈ શકીએ.'



જ્યોર્જિયા ટેક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધિત કરતી વખતે બર્ન્સે કહ્યું કે, ક્રેમલિન તરફથી એવું કહેવામાં આવ્યું હતું કે, તેણે ૨૪ ફેબ્રુઆરીના રોજ હુમલા શરૂ થયા ત્યાર બાદ તરત જ રશિયન પરમાણુ બળોને હાઈ એલર્ટ પર રાખ્યા હતા. જોકે અમેરિકાએ વાસ્તવિક તૈનાતીના 'ઘણાં બધા વ્યાવહારિક પુરાવા' નથી જોયા તે વધુ ચિંતાની વાત છે.

# છાત્ર-કર્મી કોરોનાથી સંક્રમિત થાય તો પરિસર બંધ કરવા દિલ્હી સરકારની સલાહ

**દિલ્હીમાં કોરોના ફરી વકરતાં તંત્ર સતર્ક : વિદ્યાર્થી અને કર્મચારીઓને માસ્ક પહેરવો જોઈએ તથા સામાજિક અંતર જાળવી રાખવા પણ શિક્ષા નિદેશાલયની સુચના**

નવી દિલ્હી,તા.૧૫

દિલ્હી સરકારે સ્કુલો માટે કોવિડ-૧૯ સાથે સંબંધિત એક નવી સલાહ જારી કરી તેમને આદેશ આપ્યો છે કે જો કોઈ વિદ્યાર્થી કે કર્મચારીની કોરોના સંક્રમિત થવાની પુષ્ટિ થાય તો સમગ્ર પરિસર અથવા ખાસ ભાગને અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવે. શિક્ષા નિદેશાયલએ એ પણ કહ્યુ કે વિદ્યાર્થી અને કર્મચારીઓને માસ્ક પહેરવો જોઈએ તથા યથાસંભવ સામાજિક અંતર જાળવી રાખવુ જોઈએ.

દિલ્હી અને એનસીઆરમાં કેટલાક વિદ્યાર્થીઓ કોરોના વાયરસ સાથે સંક્રમિત થવાના સમાચાર વચ્ચે ૧૩ એપ્રિલએ સલાહ જારી કરી છે. સલાહમાં કહેવામાં આવ્યુ છે કે જો કોવિડનો કોઈ નવો કેસ મળી આવે અથવા શાળા પ્રશાસનને જાણ કરવામાં આવે તો તે તરત જ શિક્ષણ નિયામકને જાણ કરવી જોઈએ અને શાળાનો સંલગ્ન ભાગ અથવા આખી શાળા અસ્થાયી રૂપે બંધ કરવી જોઈએ.

એડવાઈઝરીમાં સૂચિબદ્ધ અન્ય પગલાંઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય શાળાના કર્મચારીઓ દ્વારા માસ્ક પહેરવા અને શક્ય તેટલુ અંતર જાળવી રાખવાનો સમાવેશ થાય છે.

સલાહમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય સહાયક સ્ટાફ નિયમિત હાથ ધોવા અને સેનિટાઈઝરનો ઉપયોગ અને કોવિડના નિવારણ વિશે અને મુલાકાતે આવતા વાલીઓમાં જાગૃતિ લાવવા સુચના આપવામાં આવી છે.

# એક રૂપિયે લીટર પેટ્રોલ ખરીદવા લાઈનો લાગી

**ભીડ બેકાબુ થતા પોલીસ બોલાવવી પડી : શરત એવી હતી કે એક વ્યક્તિ એક લીટર પેટ્રોલ ભરાવી શકે છે, આ રીતે અમે ૫૦૦ લોકોને એક રૂપિયામાં એક લીટર પેટ્રોલ આપ્યું**



મુંબઈ,તા.૧૫

આખા દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમત આસમાનને સ્પર્શી રહી છે. લગભગ દરેક રાજ્યમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર ચાલી ગઈ છે. આ દરમિયાન મહારાષ્ટ્રમાં ગઈકાલે એટલે કે ૧૪મી એપ્રિલના રોજ એક પેટ્રોલ પંપ પર એક રૂપિયે લીટર પેટ્રોલ વેચવામાં આવ્યો હતું. આ પેટ્રોલ પંપ સોલાપુર જિલ્લામાં આવેલો છે. એક લીટર રૂપિયા પેટ્રોલ ખરીદવા માટે અહીં લાઈનો લાગી ગઈ હતી. એક રૂપિયે લીટર પેટ્રોલની જાહેરાત બાદ પરિસ્થિતિ એટલી વણસી કે પોલીસને બોલાવવી પડી હતી. હકીકતમાં ગઈકાલે ૧૪મી એપ્રિલના રોજ આંબેડકર જયંતિ પ્રસંગે એક રૂપિયે લીટર પેટ્રોલ વેચવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન રાહુલ સર્વોગડે કર્યું હતું. રાહુલ સર્વોગડેએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "આજે પેટ્રોલ-ડીઝલની કિંમત ૧૧૦ રૂપિયાને પાર ચાલી ગઈ છે. અમે મોદી સરકારના આ પગલાંનો વિરોધ કરવા અને ડૉક્ટર બાબા સાહેબ આંબેડકરની જંયતિ પ્રસંગે અમે ગ્રાહકોને આ નાની ઑફર આપી છે.

# ડ્રગ્સ કેસમાં અભિનેતા અરમાન કોહલીના જામીન ફગાવતી મુંબઈ કોર્ટ

મુંબઈ,તા.૧૫

મુંબઈની એક અદાલતે ડ્રગ કેસમાં એક્ટર અરમાન કોહલીની જામીન અરજી ફગાવી દીધી છે. આ કેસમાં અરમાનના એક સહ આરોપીને જામીન મળી ગયા બાદ અરમાને પણ જામીન માગ્યા હતા. તેણે દલીલ કરી હતી કે તેની સામેનો કેસ એનડીપીએસ એક્ટ હેઠળ નજીવી માત્રામાં મળેલા ડ્રગનો કેસ છે એટલે તેને પણ જામીન મળવા જોઈએ. જોકે, સ્પેશ્યલ જજ એ એ જોગલેકરે જણાવ્યું હતું કે આ કેસમાં એનસીબી દ્વારા રજૂ થયેલી ચાર્જશીટ જોતાં જણાય છે કે અરમાન માદક દ્રવ્યોની ગેરકાયદે હેરાફેરીમાં સહ આરોપી સાથે સંકળાયેલો હતો. વ્હોટસ એપ ચેટ્સ તથા બેંક વ્યવહારો પરથી પણ તેની આ હેરાફેરીને લગતી તારીખોનો તાળો મળે છે.

એક સંપૂર્ણ ઘરનો અહેસાસ...

II स्वराज 9+ II

પ્રધાનમંત્રી યોજના દ્વારા રૂ. ૨.૬૭* લાખ સુધી સબસીડીનો લાભ મેળવો.

1 & 2 BHK LIVING SPACE & SHOPS



A PROJECT BY :

NAVRATNA CORPORATION

Site : Nr. Viraj Apartment, Pethapur, Gandhinagar.

98241 75219 • 98989 98183

RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA08113/240221 • www.gujrera.gujarat.gov.in